કમિશનરશ્રી,ઉચ્ચ શિક્ષણની કચેરી
પેન્શન શાખા, બ્લોક નં-૧૨/૨,ડો.જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર,ગુજરાત રાજ્ય.

સત્યમેવ જયતે

જા.નં: CHE/PSC-3/OPS/2025/**2801 - 3201** તા: 19/07/2025

પ્રતિ,

✓ **રજિસ્ટ્રારશ્રી,**
અનુદાનિત યુનિવર્સીટી તમામ,

✓ **આચાર્યશ્રી,**
અનુદાનિત કોલેજ તમામ.

✓ **આચાર્યશ્રી,**
ગ્રામવિધાપીઠ અને સંશોધન કોલેજ તમામ.

**વિષયઃ- જુની પેન્શન યોજના અન્વયે તા.01/04/2005 પહેલાના નિમણુક થયેલ કર્મચારીની દરખાસ્ત રજુ કરવા બાબત.**

**સંદર્ભ:** ૧. નાણાં વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક: નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી
૨. નાણાં વિભાગના તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક: નવપ/૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે અત્રેની કચેરીના કાર્યક્ષેત્રમાં આવતી બિન સરકારી અનુદાનિત કોલેજમાં તા.01/04/2005 પહેલા ફિક્સ પગાર નીતિ હેઠળ નિમણુંક પામી તા.01/04/2005 પહેલાં નોકરીમાં જોડાયા અને તા.01/04/2005 પછી ફિક્સ પગારનો નિયત સમયગાળો પૂર્ણ કરી નિયમિત નિમણુંક પામેલ હોય તેવા કર્મચારીઓને જુની પેન્શન યોજનાનો લાભ આપવામાં આવેલ છે. આ અંગે નીચે મુજબ આપેલ સુચના પ્રમાણે દરખાસ્ત તૈયાર કરી કેમ્પમાં દરખાસ્ત રજુ કરવા આથી જણાવવામાં આવે છે.

1. નાણાં વિભાગના સંદર્ભ-૧ ના ઠરાવથી નિયત કરવામાં આવેલ જોગવાઇ મુજબ તાઃ- ૦૧/૦૪/૨૦૦૫ પહેલાં પસંદગી પ્રક્રિયા પૂર્ણ થયેલ હોય અને ત્યારબાદ તાઃ- ૦૧/૦૪/૨૦૦૫ પહેલાં ફિક્સ પગારની સેવામાં નિમણૂક પામેલ હોય તેવા શૈક્ષણિક / બિન શૈક્ષણિક કર્મચારી દ્વારા આપવામાં આવેલ અસલ વિકલ્પ ફોર્મ સહિત આ સાથે સામેલ **ચેકલિસ્ટ-૧/૨** મુજબની દરખાસ્ત કેમ્પમાં રજુ કરવાની રહેશે.
2. નાણાં વિભાગના સંદર્ભ-૧ ના ઠરાવથી નિયત કરવામાં આવેલ જોગવાઇ મુજબ તાઃ- ૦૧/૦૪/૨૦૦૫ પહેલાં પસંદગી પ્રક્રિયા પૂર્ણ થયેલ હોય અને વહીવટી કારણોસર અથવા કોર્ટ કેસ પડતર હોવાના કારણે ફિક્સ પગારમાં નિમણૂક તાઃ- ૦૧/૦૪/૨૦૦૫ ના રોજ કે ત્યારબાદ આપવામાં આવેલ હોય તેવા શૈક્ષણિક / બિન શૈક્ષણિક કર્મચારી દ્વારા આપવામાં અસલ વિકલ્પ ફોર્મ સહિત આ સાથે સામેલ ચેકલિસ્ટ-૧/૨ મુજબની દરખાસ્ત કરવાની રહેશે.
3. બે અલગ અલગ નોકરીના સંજોગોમાં ઠરાવ મુજબ આધારો સાથે કચેરીની સબંધિત શાખા મારફત અગાઉની સેવા સળંગ ગણવા તથા જુની પેન્શન યોજનામાં જોડવા નાણા વિભાગની મંજૂરી લેવી આવશ્યક હોઇ આવા તમામ કિસ્સાઓમાં સૌ પ્રથમ સેવા સળંગના હુકમો મેળવવા **નાણાં વિભાગના** તા.૨૯/૦૮/૨૦૦૩ ના ઠરાવથી નિયત કરેલ પરિશિષ્ટ **(તમામ આધાર પુરાવા સહિત) મુજબ** દરખાસ્ત

સબંધિત કોલેજ/યુનિવર્સીટી મારફતે (કોલેજ હોય તો કોલેજ વહીવટ શાખા, યુનિવર્સીટી હોય તો યુનિવર્સીટી શાખા, સંશોધન કોલેજ હોય તો સંશોધન શાખા અને ગ્રામ વિદ્યાપીઠ હોય તો ગ્રામવિદ્યાપીઠ શાખા) કરવાની રહેશે.

4. જુની પેન્શન યોજનાનો લાભ આપવા અર્થે નાણાં વિભાગના સંદર્ભ-૨ ના ઠરાવથી સુચવ્યા મુજબ અવસાન પામેલ, નિવૃત થયેલ હોય અને એક વર્ષમાં નિવૃત થનાર હોય તેવા કેસમાં પણ મોકલી આપવાની રહેશે.
5. ચાલુ નોકરીના કિસ્સામાં કર્મચારી હાલ જે કોલેજમાં ફરજ બજાવે છે તે કોલેજને અરજી કરવાની રહેશે
6. નિવૃતિના કિસ્સામાં કર્મચારી જે કોલેજમાં ફરજ બજાવતા હોય તે કોલેજને અરજી કરવાની રહેશે.
7. અવસાનના કિસ્સામાં કર્મચારી છેલ્લે જે કોલેજમાં ફરજ બજાવતા હતા તે કોલેજને કર્મચારીના વારસદારો દ્વારા અરજી કરવાની રહેશે.
8. તા.16/04/2025 તથા તા.08/11/2024 ના નાણાં વિભાગના ઠરાવનો લાભ લેવા માંગતા તેમજ પાત્રતા ધરાવતા કમચારીઓને તેઓની હાલની કોલેજમાં ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખથી 03 (ત્રણ) માસ માં વિકલ્પ આપવાનો રહેશે તથા ઉક્ત વિકલ્પની સેવાપોથીમાં ફરજિયાત નોંધ કરવાની રહેશે.
9. તમામ આધારો, પ્રમાણપત્રોની આચાર્યશ્રી/ રજિસ્ટ્રારશ્રીએ ખરાઈ કરવી અને તમામ આધારોમાં સહિ અને સિક્કા કરીને જ દરખાસ્ત રજુ કરવી.
10. અધુરી દરખાસ્ત અને ટપાલથી મોકલી આપેલ દરખાસ્ત ધ્યાને લેવામાં આવશે નહિ.
11. <u>સહિ કરનાર સક્ષમ સત્તાધિકારી અને જરૂર પડ્યે સાથે સદરહુ બાબતના જાણકાર કારકુન એ જ કેમ્પમાં હાજર રહેવુ.</u>

ઉક્ત કાર્યવાહી પૂર્ણ કરી કોલેજ મંડળ દ્વારા ચેક લિસ્ટ મુજબ દરખાસ્ત તૈયાર કરી કર્મચારીની અધ્યતન અસલ સેવાપોથી તથા તેની પ્રમાણિત નકલ કેમ્પની તારીખે અચુક રજુ કરવાની રહેશે.

**<u>કેમ્પનુ સમય પત્રક</u>**

| | |
|---|---|
| અનુદાનિત કોલેજ તમામ | તા. ૩૦ / ૦૭ / ૨૦૨૫ |
| અનુદાનિત યુનિવર્સીટી તમામ, ગ્રામવિદ્યાપીઠ અને સંશોધન કોલેજ તમામ | તા. ૩૧ / ૦૭ / ૨૦૨૫ |

<u>સ્થળ:</u> ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, બ્લોક નં.૧૨/૩, ડૉ. જે.એમ.ભવન, ગુ.રા., ગાંધીનગર

**નાયબ નિયામક**
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા. ગાંધીનગર

<u>નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ:</u>

- ✓ નાયબ નિયામકશ્રી, કોલેજ વહીવટ શાખા, સદર કચેરી.
- ✓ નાયબ નિયામકશ્રી યુનિવર્સીટી શાખા, સદર કચેરી.
- ✓ નાયબ નિયામકશ્રી, સંશોધન શાખા, સદર કચેરી.
- ✓ નાયબ નિયામકશ્રી, ગ્રામવિદ્યાપીઠ શાખા, સદર કચેરી.